Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની તાકીદની સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા. ૦૮–૦૭–૨૦૧૯**

સિન્ડિકેટની તાકીદની સભા સોમવાર, તા.૦૮–૦૭–૨૦૧૯ના રોજ સાંજે : ૪–૦૦ કલાકે સમિતિખંડ રૂમ નં. ૨૦૫માં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા.૦૮–૦૭–૨૦૧૯ |
|---|---|---|
| ૧. | ડૉ.શિવેન્દ્ર ગુપ્તા (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | VACANT (માનનીય ઉપકુલપતિશ્રી) | ---- |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ.ડૉ.વિપિનકુમાર દયાળજી નાયક | ---- |
| ૭. | આ.ડૉ.અશ્વિનભાઈ શંકરભાઈ પટેલ | હાજર |
| ૮. | ડૉ.મહિડા મહેન્દ્રસિંહ ભરતસિંહ | હાજર |
| ૯. | ડૉ.રાકેશ એન. દેસાઈ | હાજર |
| ૧૦. | શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારી | હાજર |
| ૧૧. | ડૉ. ખરચિયા કશ્યપસિંહ પ્રવિણસિંહ | હાજર |
| ૧૨. | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | ગેરહાજર |
| ૧૩. | શ્રી જયરામ ગામિત | હાજર |
| ૧૪. | શ્રી કિરણભાઈ ઘોઘારી (એડવોકેટ) | હાજર |
| ૧૫. | ડૉ.સંજયકુમાર (સત્યાર્થી) | ગેરહાજર |
| ૧૬. | શ્રી વિનોદકુમાર રણછોડભાઈ ગજેરા | હાજર |
| ૧૭. | શ્રી સંજય બલ્લુભાઈ લાપસીવાલા | હાજર |
| ૧૮. | ડૉ.કેતન ચંદ્રકાન્તભાઈ દેસાઈ | હાજર |

૧. શ્રીમતી રાણીબેન માધાભાઈ ભાદરકા એજ્યુકેશન એન્ડ રીસર્ચ સેન્ટર, ને.હા. નંબર–૮ કરણગામની પાસે, પો. બલેશ્વર, અમન હોટેલની સામે, તા.પલસાણા, જિઃ સુરત સંચાલિત શ્રીમતી રાણીબેન માધાભાઈ ભાદરકા નર્સિંગ કોલેજ, ને.હા. નંબર –૮ કરણગામની પાસે, પો. બલેશ્વર, અમન હોટેલની સામે, તા. પલસાણા, જિઃ સુરત શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૮–૧૯ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી (નર્સિંગ)**નું નવું જોડાણ** (તા.૧૫–૬–૨૦૧૮ થી તા.૧૪–૬–૨૦૧૯) મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં અરજદાર ટ્રસ્ટના નામે માલિકીની જમીન ન હોય, સંસ્થાની જોડાણઅરજી ગ્રાહય રાખવામાં આવેલ ન હતી. જે સંદર્ભે શિક્ષણ વિભાગ, ગાંધીનગરના તા.૨૯–૫–૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ દગજ/૨૦૧૯ /MR-26/ ખ.૧ ના પત્રથી સદરહું બાબતે તા.૪/૦૬/૨૦૧૯ના રોજ અગ્રસચિવશ્રી (ઉ.અને ટે.શિ) ની ચેમ્બરમાં સુનાવણી રાખવામાં આવેલ જે સંદર્ભે શિક્ષણ વિભાગ, ગાંધીનગરે તેમાના તા.૧–૭–૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ દગજ/૨૦૧૯/ MR-26/ ખ.૧ થી જણાવેલ છે કે, શ્રીમતી રાણીબેન માધાભાઈ ભાદરકા નર્સિંગ કોલેજ, ને.હા. નંબર –૮ કરણગામની પાસે, પો. બલેશ્વર, અમન હોટેલની સામે, તા. પલસાણા, જિઃ સુરત શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૮–૧૯ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી. એસસી (નર્સિંગ) નું નવું જોડાણ આપવા બાબતે આપની યુનિવર્સિટીના સત્તાધિકારીશ્રી તથા સબંધિત સંસ્થાના ટ્રસ્ટશ્રીઓ અગ્રસચિવશ્રી (ઉ.અને ટે.શિ) ની ચેમ્બરમાં તા. ૫–૬–૨૦૧૯ ના રોજ ચર્ચા કરવા માટે ઉપસ્થિત રહયા હતા. સદરહું બાબતે રજીસ્ટર્ડ લીઝ ડીડ ટ્રસ્ટના નામે હોય તો જોડાણ આપવા અંગે કાર્યવાહી કરવા વિનંતી છે. વધુમાં તમામ સાધનિક પુરાવા સાથેની સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી અને નવા જોડાણની વિગતવાર દરખાસ્ત અત્રે વિભાગને મોકલી આપવા વિનંતી છે જેથી જોડાણની આગળની કાર્યવાહી હાથ ધરી શકાય. એમ જણાવેલ છે અને સંસ્થાએ તા.૬–૦૬–૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ RMB/ 2018-19/026 થી સુનાવણીમાં અગ્રસચિવશ્રીના આદેશાનુસાર અમારા ટ્રસ્ટને કોલેજના જોડાણ માટે ૯૯ વર્ષના કોલેજના ભાડા પેટે આપવા જણાવેલ અને યુનિવર્સિટીમાં જમા કરાવવા હુકમ કરેલ આ અનુસંધાને મોજે બલેશ્વર, તા. પલસાણા, જી.સુરત બલોક નંબર ૩૫૭ જેનું ક્ષેત્રફળ ૧૬૬૯૩ તેમજ મોજે સાંકી, તા. પલસાણા, જી.સુરત ના બ્લોક નંબર ૧૧૪ જેનું ક્ષેત્રફળ ૪૫૫૩ મળીને ટોટલ ૨–૧૨–૪૬ જેના એકરમાં ૫–૩૧ થાય છે. તેમ જણાવેલ છે પંરતું સંસ્થા દ્વારા રજૂ કરેલ ભાડા કરાર નિયમ મુજબનું રજીસ્ટર્ડ લીઝ ડીડ ગણી શકાય તેમ ન હોય, જે સંદર્ભે શિક્ષણ વિભાગ, ગાંધીનગરના તા.૧–૭–૨૦૧૯નો પત્ર તથા સંસ્થાના તા.૬–૬–૨૦૧૯ ના પત્ર આધારે સંસ્થાની જોડાણઅરજી પર વિચારણા કરવા બાબત.

**(નોંધઃ (૧)** સંસ્થાએ ભાડાકરાર સાથે નીચે મુજબ જમીન અંગેના ૭ અને ૧૨ની નકલ રજૂ કરેલ છે.

| સર્વે નંબર | ક્ષેત્રફળ<br>હે.આરે.ચો. મી | મોજે<br>તાલુકો<br>જિલ્લો | કબજેદારોના નામ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૩૫૭/૧ | ૧–૬૬–૯૩<br>= ૪.૧૨ એકર | બલેશ્વર,<br>પલસાણા,<br>સુરત. | સંસ્કાર એજ્યુકેશન ટ્રસ્ટ સુરત વતી અને તરફે પ્રમુખ, જીવાભાઈ માધાભાઈ ભાદરકા | બંને જમીન અલગ અલગ જગ્યા પર હોય તેમ જણાય છે. |
| ૧૧૪ | ૭૧–૮૪<br>= ૧.૭૭ એકર | સાંકી ,<br>પલસાણા<br>સુરત | જીવાભાઈ માધાભાઈ ભાદરકા | |

(૨) **યુ.જી.સી.ના ૨૦૦૯ના રેગ્યુલેશનમાં જણાવેલ નીચે મુજબ જમીન અંગેની શરતની જોગવાઈ છે.**

**3.1.1. undisputed ownership and possession of land measuring not less than 2 acres if it is located in metropolitan cities, and 5 acres if it is located in other areas;**

(૩) શિક્ષણ વિભાગ, ગાંધીનગર તથા સંસ્થાના પત્રની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.)

**(સિન્ડિકેટ)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી રાણીબેન માધાભાઈ ભાદરકા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, ને.હા. નંબર–૮ કરણગામની પાસે, પો. બલેશ્વર, અમન હોટેલની સામે, તા.પલસાણા, જિઃ સુરત સંચાલિત શ્રીમતી રાણીબેન માધાભાઈ ભાદરકા નર્સિંગ કોલેજ, ને.હા. નંબર –૮ કરણગામની પાસે, પો. બલેશ્વર, અમન હોટેલની સામે, તા. પલસાણા, જિઃ સુરત શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૮–૧૯ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી (નર્સિંગ)નું નવું જોડાણ (તા.૧૫–૬–૨૦૧૮ થી તા.૧૪–૬–૨૦૧૯) મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં વાસ્તવીક દસ્તાવેજો અને સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૧–૭–૨૦૧૯ના પત્ર ક્રમાંક : દગજ/૨૦૧૯/ MR-26/ ખ.૧ વંચાણે લેતા નીચે મુજબના અવલોકનો ધ્યાનમાં લેતા**

**(૧) સદર અરજી કર્તા ટ્રસ્ટનું નામ શ્રીમતી રાણીબેન માધાભાઈ ભાદરકા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ છે.**

**(૨) સદર જમીનનો સર્વે નં. ૩૫૭ અને ૧૧૪ પ્રમાણે અલગ અલગ જગ્યાએ આવેલી હોવાનું જણાય છે.**

**(૩) જેમાં સર્વે નં.૩૫૭ જમીન સંસ્કાર એજયુકેશન ટ્રસ્ટ સુરતના નામે છે.**

**(૪) સર્વે નં.૧૧૪ નંબર વાળી જમીન જીવાભાઈ માધાભાઈ ભાદરકાના વ્યકિતગત નામે છે.**

**(૫) અરજદાર ટ્રસ્ટના નામે કોઈ જમીન નથી.**

**(૬) સર્વે નં. ૩૫૭ વાળી જમીનનો ભાડા કરાર પચાસ હજાર ચોરસ ફુટ યાને કે ૧.૧૬ એકર છે અને સર્વે નં. ૧૧૪ વાળી જમીનનો ભાડા કરાર કેટલી જમીન પુરતો છે તેનો કોઈ ઉલ્લેખ નથી. ઉપરાંત બંને જમીનોના ગામ નમુના નં. ૭ અને ૧૨માં જવાબદાર વ્યકિતનું નામ જીવાભાઈ માધાભાઈ ભાદરકા છે જયારે ભાડા કરાર લખાવી લેનાર વ્યકિતનું નામ જીવરાજભાઈ માધાભાઈ ભાદરકા છે એટલેકે બંનેમાં વિસંગતતા જણાય છે.**

**(૭) અરજદારે રજૂ કરેલ ભાડા કરાર નિયમ મુજબનું રજીસ્ટર્ડ લીઝ ડીડ નથી.**

**(૮) યુ.જી.સી.ના નિયમાનુસાર યુનિવર્સિટી લીઝ ડીડને માન્ય કરતું નથી.**

**(૯) સદર અરજીકર્તાના ટ્રસ્ટના નામે માલિકીની કોઈ જમીન ઉપલબ્ધ નથી.**

**(૧૦) સદર અરજીકર્તા ટ્રસ્ટના નામે યુ.જી.સી.ના નિયમ મુજબ ઓછામાં ઓછી પાંચ એકર બિનવિવાદી માલિકીની જમીન હોવી જરૂરી છે.**

**આથી ઉપરોકત અવલોકનોને ધ્યાનમાં લેતા સિન્ડિકેટ દ્વારા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સદર સંસ્થાની જોડાણ અરજીને નામંજૂર કરી રાજય સરકારશ્રીને જોડાણ નહીં આપવા ભલામણ કરે છે.**

**<u>અધ્યક્ષશ્રીની સંમતીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી હતી.</u>**

૨. રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૬/૦૭/૨૦૧૯ના પરિપત્ર ક્રમાંક:પરચ/૧૦૧૯/૯૦૫/ખથી યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કોલેજો ખાતે આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Sections) ને પ્રવેશ આપવાનું કરેલ સુચન અંગે ભારતની સંસદ દ્વારા બંધારણ અધિનિયમ–૨૦૧૯ થી કલમ –૧૫ અને ૧૬ માં સુધારો કરી સહાયક અનુદાન મેળવતી કે સહાય અનુદાન ન મેળવતી હોય તે સહિતની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે તેમજ મુલ્કી સેવાની જગ્યાઓ માટે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગો / અન્ય પછાત વર્ગો માટે હાલમાં અનામત જગ્યાઓ રાખવામાં આવે છે તે ઉપરાંત આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Section) ને પણ અનામતનો લાભ મળે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. તેથી રાજયની યુનિવર્સિટી સંલગ્ન બી.એડ. કોલેજો ખાતે કુલ સીટોની સંખ્યા વધારવા જે તે કાઉન્સિલ તરફથી મંજૂરી ન આવે તો પણ પ્રવેશ પ્રક્રિયામાં ઉકત જોગવાઈની અમલવારી કરી આગળની નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવા જણાવેલ હોય જે પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૬/૦૭/૨૦૧૯ના પરિપત્ર ક્રમાંક:પરચ/૧૦૧૯/૯૦૫/ખથી યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કોલેજો ખાતે આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Sections) ને પ્રવેશ આપવાનું કરેલ સુચન અંગે ભારતની સંસદ દ્વારા બંધારણ અધિનિયમ–૨૦૧૯ થી કલમ –૧૫ અને ૧૬ માં સુધારો કરી સહાયક અનુદાન મેળવતી કે સહાય અનુદાન ન મેળવતી હોય તે સહિતની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે તેમજ મુલ્કી સેવાની જગ્યાઓ માટે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગો / અન્ય પછાત વર્ગો માટે હાલમાં અનામત જગ્યાઓ રાખવામાં આવે છે તે ઉપરાંત આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Section) ને પણ અનામતનો લાભ મળે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. તેથી રાજયની યુનિવર્સિટી સંલગ્ન બી.એડ. કોલેજો ખાતે કુલ સીટોની સંખ્યા વધારવા જે તે કાઉન્સિલ તરફથી મંજૂરી ન આવે તો પણ પ્રવેશ પ્રક્રિયામાં ઉકત જોગવાઈની અમલવારી કરી આગળની નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવા જણાવેલ હોય જે સંદર્ભે સરકારશ્રીના EWS ના પરિપત્રનો સ્વીકાર કરવો અને હાલમાં ચાલતી પ્રવેશ પ્રક્રિયામાં આ પરિપત્રનો અમલ કરવો. તદ્ઉપરાંત અન્ય અભ્યાસક્રમો સંદર્ભે સરકારશ્રી તરફથી કે કાઉન્સિલ તરફથી વખતોવખત આવતા પરિપત્રનો અમલ કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.**

૩. **અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.**

યુવિર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંક : એસ–૧ (૧)/ ૧૨૩૫૫ /૨૦૧૯ **ઈન્ચાર્જ કુલસચિવ**
તા.૦૯–૦૭–૨૦૧૯
પ્રતિ,
**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ........**